20 Rs.

बीस रुपये

सत्यमेव जयते

भारत

INDIA

TWENTY RUPEES

२०रू.

20RS

# વિકલ્પ ટ્રસ્ટડીડ

આથી હું નીચે સહી કરનાર શ્રી હિમાન્શુ નટવરલાલ બેન્કર ઉંમર પુખ્ત વયના રહે. એ-૮, આનંદ ટેનામેન્ટસ્, વેજલપુર, અમદાવાદ જેમને હવે પછી આ દસ્તાવેજમાં સેટલર આદ્યસ્થાપક એ શબ્દથી ઓળખવામાં આવશે. તે હું આ દસ્તાવેજમાં દર્શાવેલા સમાજના હિતના વિવિધ કાર્યો કરવા માટે "વિકલ્પ" નામના સાર્વજનિક ટ્રસ્ટને મારી સ્વપાર્જીત મૂડીમાંથી ટ્રસ્ટની અનામત રકમ પેટે રૂા. ૫૦૧/- પૂરા ભેટરૂપે અર્પણ કરી આ ટ્રસ્ટને સાર્વજનિક ટ્રસ્ટ જાહેર કરી આ ટ્રસ્ટડીડના દસ્તાવેજમાં નીચેની વિગતો રજૂ કરૂં છું.

આ સાથેના ટ્રસ્ટમાં મારી સ્વપાર્જીત મૂડીમાંથી રૂા. ૫૦૧/- પૂરા મેં મારી સ્વખુશીથી ટ્રસ્ટને અર્પણ કરેલ છે. તે મિલ્કતમાં અને તેમાં વખતો વખત જે સ્થાવર તથા જંગમ મિલ્કતોનો ઉમેરો થશે તે સઘળી આ ટ્રસ્ટની માલિકીની મિલ્કત ગણાશે. ગુજરાત રાજ્ય અને ભારત દેશમાં શિક્ષણ, આરોગ્ય, સામાજિક, આર્થિક, કાયદાકિય અને પર્યાવરણ ક્ષેત્રમાં વિકાસ થાય અને અન્ય સામાજિક ક્ષેત્રમાં વિકાસ થાય તેમજ તેવા કાર્યમાં ઉપયોગી થવાની ભાવનાથી હું આ સાર્વજનિક ટ્રસ્ટડીડનો દસ્તાવેજ કરૂં છું.

૧ આ ટ્રસ્ટનું નામ : વિકલ્પ

નોંધ : આ દસ્તાવેજમાં ટ્રસ્ટ તથા સંસ્થા શબ્દ વાપરવામાં આવ્યો હોય ત્યાં વિકલ્પ એમ સમજવાનું છે.

૨ ટ્રસ્ટનું કાર્યક્ષેત્ર : સમસ્ત ભારત દેશ રહેશે.

૩ ટ્રસ્ટનું કાર્યાલય : વિકલ્પ

C/o. હિમાન્શું બેન્કર
એ-૮, આનંદ ટેનામેન્ટ્સ,
વેજલપુર, અમદાવાદ

ટ્રસ્ટનું અન્ય કાર્યાલય :

ટ્રસ્ટનું કાર્યક્ષેત્ર વિસ્તૃત (ભારત દેશ) રહેશે. જરૂર પડે તેનું કાર્યાલય બદલવું હશે તો બદલી શકાશે અને ટ્રસ્ટ સંચાલીત અન્ય પેટા કાર્યાલય ગમે તે જગ્યાએ ગુજરાત રાજ્યમાં અને ભારત દેશમાં પણ ઉભા કરી શકાશે.

૪ ટ્રસ્ટનાં હેતુઓ / ઉદ્દેશો :

૧ ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં સામાજિક, આર્થિક, શૈક્ષણિક, વ્યવસાયલક્ષી, આરોગ્ય તથા પર્યાવરણલક્ષી, કાનૂની તેમજ કામદાર લક્ષી જાગૃતિ આવે તેમજ વધે તેવા કાર્યક્રમોનું આયોજન અને સંચાલન કરવું અને કરાવવું તથા તે માટે જરૂર જણાય તો જે તે વિષયનાં નિષ્ણાંત વ્યક્તિ અથવા સંસ્થાઓનો સહયોગ મેળવવો.

૨ સમાજનાં નબળા તથા કચડાયેલ વર્ગ ખાસ કરીને દલિતો, આદિવાસીઓ અને મહિલાઓ માટે તેમનાં સામાજિક, આથિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, વ્યવસાયિક, આરોગ્યલક્ષી, રોજગારલક્ષી, પર્યાવરણલક્ષી વિકાસ તથા ઉત્થાન માટે તેઓની વિવિધ પ્રવૃત્તિઓ - કાર્યક્રમો હાથ ધરવા - ધરાવવા તે અંગે સંશોધન, તાલીમ, અભ્યાસ હાથ ધરવા તેમજ તે અંગેનાં કેન્દ્રો સ્થાપવા.

૩ તમામ પ્રકારનું શિક્ષણ, તકનીકી શિક્ષણ, વ્યવસાયલક્ષી શિક્ષણ, અવૈધિક શિક્ષણ, પ્રૌઢ શિક્ષણ, પૂર્વ પ્રાથમિકથી માંડીને મહાવિદ્યાલય સહિતનાં તેમજ ગૃહ ઉદ્યોગ અને ઉદ્યોગ સાહસિકતા તાલીમ માટેનાં કાર્યક્રમોનું આયોજન કરવું, સંચાલન કરવું અને જરૂર જણાય તો આ પ્રકારનાં કાર્યક્રમોના સંચાલન માટે કેન્દ્રો અથવા સંસ્થાની સ્થાપના કરવી અને તાલીમ અભ્યાસ, સંશોધન તેમજ દસ્તાવેજીકરણ કરવું.

૪ સમાજનાં નબળા તેમજ વંચિત વર્ગ માટે શાળા, તકનીકી તેમજ વ્યવસાયલક્ષી તાલીમ કેન્દ્ર, છાત્રાલય, વર્કશેડ, ગોડાઉન, પુસ્તકાલયો, વાંચનાલયો તેમજ સામાજિક કલ્યાણ કેન્દ્ર વિગેરેની સ્થાપના કરવી.

૫ સમાજનાં આર્થિક, સામાજિક રીતે નબળા વર્ગનાં સભ્યો માટે આવક અને રોજગારીની તકો ઉભી થાય તે પ્રકારનાં ખાદી અને ગ્રામોઉદ્યોગ, કુટિર ઉદ્યોગ, વન પેદાશ, હાથવણાટ, હસ્તકલા, ચર્મોદ્યોગ, ગૃહ ઉદ્યોગ, તેમજ પરંપરાગત અને બિનપરંપરાગત વ્યવસાયો વિકસાવવાં કેન્દ્રો સ્થાપવા અને તે અંગે ચીજવસ્તુઓનાં ઉત્પાદન તથા વેચાણની પ્રવૃત્તિઓ હાથ ધરવી તેમજ તાલીમ, સંશોધન, શિક્ષણ, જાગૃતિકરણ કરવું.

૬ ગ્રામ્ય તથા શહેરી વિસ્તારોમાં આરોગ્યની સેવાઓ પૂરી પાડવા માટે આરોગ્ય, સ્વચ્છતા તથા પોષણને લગતા કાર્યક્રમો હાથ ધરવા. આ પ્રકારનાં કાર્યક્રમો માટે જરૂરિયાત મુજબ ડૉકટરો, આરોગ્ય કાર્યકરો, આંગણવાડી કાર્યકરો તેમજ પરંપરાગત પ્રસુતિ કરાવનાર (દાયણો) વિગેરેને જરૂરી તાલીમ પૂરી પાડવી તેમજ આરોગ્ય સેવાઓ અંગે અભ્યાસ, સંશોધન, દસ્તાવેજી કરણ, જાગૃતિકરણ કરવું અને તેને પ્રસિધ્ધ કરવું.

આ કાર્યક્રમો માટે સરકારી, અર્ધસરકારી તથા ખાનગી દવાખાના, પ્રાથમિક તેમજ સામુહિક આરોગ્ય કેન્દ્ર, હોસ્પિટલો વિગેરેનો સહયોગ પ્રાપ્ત કરવો તેમજ આપવો. જરૂર જણાય તો આવા કાર્યક્રમો અંતર્ગત બાળ અને કુટુંબ કલ્યાણ કેન્દ્રો, સ્વાસ્થ્ય કેન્દ્રો, પ્રસુતિ ગૃહો વિગેરેની સ્થાપના તેમજ સંચાલન કરવું.

૭ ખેતી, પશુપાલન, વનીકરણ વિગેરેનાં વિકાસનાં કાર્યક્રમો હાથ ધરવા તેમજ આ ક્ષેત્રમાં અભ્યાસ, સંશોધન, તાલીમ દ્વારા પરિવર્તન તેમજ નવસર્જનાત્મકતા લાવવાના પ્રયત્નો કરવા તેમજ માર્ગદર્શન માટે કેન્દ્રો, પેટાકેન્દ્રો તેમજ સંસ્થાની સ્થાપના કરવી.

૮ બિનપારંપરિક ઉર્જાસ્ત્રોતોનાં વિકાસ તથા ઉપયોગ માટે અભ્યાસ, સંશોધન, તાલીમ, જાગૃતિકરણ વિગેરે કાર્યક્રમો હાથ ધરવા તેમજ માર્ગદર્શન પુરૂં પાડવું.

૯ જળ, જમીન, જંગલ તથા પર્યાવરણનાં સંરક્ષણ અંગે જાગૃતિકરણ માટેનાં તેમજ સંરક્ષણનાં વિવિધ ઉપાયોનાં અમલ અંગેનાં વિવિધ કાર્યક્રમો હાથ ધરવા તે અંગે અભ્યાસ, સંશોધન, જાગૃતિકરણ, દસ્તાવેજી કરણ કરવા અંગેની કામગીરી હાથ ધરવી.

૧૦ કાયદાનુસાર યોગ્ય લાગે તેવા પરોપકારી, શૈક્ષણિક, સામાજિક કલ્યાણકારી તેમજ કોમી એખલાસ વિગેરેના કાર્યક્રમો હાથ ધરવા તે અંગે અભ્યાસ, સંશોધન, જાગૃતિકરણ, દસ્તાવેજી કરણ કરવા અંગેની કામગીરી હાથ ધરવી.

૧૧ સમાજનાં આર્થિક - સામાજિક રીતે નબળા વર્ગ માટે કોઇ પણ કાર્યક્રમ ચલાવવાં. સમુહના વિકાસ, સુધારણા માટે મદદ તેમજ તમામ પ્રકારની સેવાઓ પૂરી પાડવી.

૧૨ વર્તમાન સમસ્યાઓ પ્રશ્નો પર વિચાર કરવા પ્રેરાયેલ વ્યક્તિ કે સંસ્થા તેમજ તેમનાં વિચારોની આપ-લે કરવી અને તે અંગે કાર્યક્રમો હાથ ધરવા. માનવસર્જીત કે કુદરતી આફતો - પ્રશ્નોમાં ઉપયોગી સેવાઓ પૂરી પાડવી.

૧૩ સંસ્થાનાં હેતુ / ઉદ્દેશોને આગળ વધારવા જરૂરી પુસ્તકો, પત્રિકાઓ, સામાયિકો, ફિલ્મો વિગેરે છાપવા, પ્રકાશિત કરવા તેમજ રજૂ કરવા. ભારત તેમજ પરદેશમાં તૈયાર થયેલ શૈક્ષણિક અને તાલીમી સાધનો તેમજ પુસ્તકો, સામાયિકો, ફિલ્મ, વિડીઓ, ટેપ, દૃશ્ય શ્રાવ્ય સાધનો વિગેરેનું કેન્દ્ર તથા રેફરન્સ માટે લાયબ્રેરી શરૂ કરવા, ચલાવવા, નિભાવવા.

૧૪ શાળાઓ, મહાવિદ્યાલયો, અન્ય શૈક્ષણિક સંસ્થાઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ વિગેરે માટે પ્રોફેસરશીપ, ફેલોશીપ, લેકચરશીપ, શિષ્યવૃત્તિઓ તથા ઇનામો શરૂ કરવા તેમજ તેને મદદ કરવી.

૧૫ ટ્રસ્ટીઓને યોગ્ય લાગે તેટલા સમયગાળા અને તેવી શરતોને આધિન રૂઢિગત અને બિન રૂઢિગત શિક્ષણને અસર કરનાર શાળાઓ, કોલેજો, વિદ્યાપીઠો તથા અન્ય સંસ્થાઓને વખતો વખત નાણાકિય મદદ કરવી તેમજ તેમાં ભણતા વિદ્યાર્થીઓ અને બીજા વિદ્યાર્થીઓને દેશ તેમજ પરદેશમાં શિક્ષણ, સંશોધન અને તાલીમ મેળવી શકે તે માટે જરૂરી શિષ્યવૃત્તિ, ફેલોશીપ, અનુદાન વિગેરે દ્વારા નાણાંકિય મદદ કરવી.

૧૬ ટ્રસ્ટના હેતુઓ / ઉદ્દેશો મુજબ હાથ ધરેલી પ્રવૃત્તિઓ કે યોજનાઓનાં વધુ સારા આયોજન તથા અમલીકરણ માટે જે તે વિષયનાં નિષ્ણાત વ્યક્તિ અથવા સંસ્થાઓનો સહયોગ મેળવવો. તેજ રીતે દેશમાં તેમજ પરદેશમાં થતાં નવિન પ્રયોગો, સંશોધન, તાલીમ વિગેરેનાં અભ્યાસ, અવલોકન તથા અમલીકરણમાં સહયોગની આપ-લે કરવી.

સમાજ સુરક્ષા, શારીરિક તથા માનસિક ક્ષતિ ધરાવતા વ્યક્તિઓ માટે વિકાસ તથા પુનઃ વસનના કાર્ય કરવા.

યુવાવિકાસ અને સાંસ્કૃતિક કાર્યક્રમો કરવા.

૧૭ મહિલા - બાળકોના વિકાસ માટે આરોગ્ય, શિક્ષણ, સુરક્ષાને લગતા કાર્યક્રમો કરવા અને તાલીમ આપવી. સામાજિક કાયદાકિય જાગૃતિકરણના કાર્યક્રમો હાથ ધરવા અને તે માટેના માર્ગદર્શન કેન્દ્રો, કાનુની સહાય કેન્દ્રો, તાલીમ કેન્દ્રો વિગેરે કેન્દ્રોની સ્થાપના કરવી.

૧૮ પંચાયતી રાજ માટે શિક્ષણ, સંશોધન, તાલીમ વિગેરેના અભ્યાસ, અવલોકન તથા અમલીકરણનાં સહયોગની આપ-લે કરવી અને તે માટેનાં કાર્યક્રમો યોજવા.

૧૯ સામાજિક ન્યાય અને અધિકારીતા માટે સમાજમાં સામાજિક, કાયદાકિય જાગૃતિકરણ કરવું. તે માટેના કેન્દ્રો સ્થાપવા અને તે અંગેનું શિક્ષણ, સંશોધન, તાલીમ વિગેરેના અભ્યાસ, અવલોકન તથા અમલીકરણનાં સહયોગની આપ-લે કરવી અને તે માટેના કાર્યક્રમો યોજવા.

૨૦ માનવધિકારોના ઉત્તેજન, વિકાસ, ટકાઉપણા માટે સામાજિક, કાયદાકિય જાગૃતિના પ્રયાસો કરવા. સામાન્ય ધ્યેય ધરાવતી સંસ્થાઓ - વ્યક્તિઓનો સમુહ બનાવી ઝુંબેશ ઉપાડવી અને તેનું રક્ષણ કરવું.

૨૧ સમાજના કચડાયેલા વર્ગો જેવા કે દલિત આદિવાસીઓ અને મહિલાઓના બંધારણિય મૂળભૂત અધિકારો તેમજ માનવ અધિકારો માટે લડત ઉપાડવી અને તેમને ન્યાય અપાવો. તે માટે વિવિધ ક્ષેત્રોમાં વિવિધ તંત્રો સાથે દરમિયાનગીરી કરવી. લોકોમાં કાનૂની જાગૃતિ ફેલાવવી અને માર્ગદર્શન પુરા પાડવા.

સમાજના વિવિધક્ષેત્રના કર્મશિલો અને કાર્યકરો અને કર્મચારીઓ માટે માનવ અધિકાર વિશે જાગૃતિ ફેલાવવા વિવિધ કાર્યક્રમો ચલાવવા અને આવા કાર્યક્રમોને ટેકો પૂરો પાડવો.

**૫ ટ્રસ્ટીઓની સંખ્યા :**

આ ટ્રસ્ટનાં ટ્રસ્ટીઓની સંખ્યા ઓછામાં ઓછી પાંચ અને વધુમાં વધુ પંદરની રહેશે. ટ્રસ્ટીઓને યોગ્ય અને જરૂરી જણાય તો નવા ટ્રસ્ટીઓની બહુમતીથી નિયુક્ત કરી શકાશે. આવા નવા ટ્રસ્ટીઓની સમય મર્યાદા એક વર્ષની રહેશે.

**૬ ટ્રસ્ટી મંડળની ખાલી પડતી જગ્યા અંગે :**

આ ટ્રસ્ટનાં સ્થાપક ૧ થી ૫ નંબરનાં ટ્રસ્ટીઓ આજીવન ટ્રસ્ટી તરીકે રહેશે. નવા ટ્રસ્ટીઓની સમય મર્યાદા એક વર્ષની રહેશે. ટ્રસ્ટીઓમાંના કોઈપણના મૃત્યુ, રાજીનામા કે અન્ય કારણોસર ટ્રસ્ટીઓની ખાલી જગ્યા પડે તેવી જગ્યા ભરવા માટે ટ્રસ્ટી મંડળ નિર્ણય કરશે.

**૭ ટ્રસ્ટની મિલકત અંગે :**

આ ટ્રસ્ટની સ્થાવર તથા જંગમ મિલકત જે તે વખતના ટ્રસ્ટીઓમાં સંપ્રાપ્ત થશે.

૮ મેનેજિંગ ટ્રસ્ટીની સત્તા અને ફરજો :

૧ મેનેજીંગ ટ્રસ્ટી ટ્રસ્ટી મંડળની મિટિંગ બોલાવશે અને આવી મિટિંગોમાં પ્રમુખ સ્થાને રહેશે અને મિટિંગનું સંચાલન કરશે.

૨ કોઈ સમયે સરખા મત પડે તો તેવા સમયે મેનેજીંગ ટ્રસ્ટીને "કાસ્ટીંગ વોટ" આપવાનો અધિકાર રહેશે.

૩ આ ટ્રસ્ટની તમામ પ્રવૃત્તિઓ ઉપર દેખરેખ રાખશે અને જરૂરી માર્ગદર્શન તથા સુચનાઓ આપશે. ટ્રસ્ટના રોજબરોજના કામો કરશે.

૪ આ ટ્રસ્ટના કામકાજ માટે કર્મચારીઓની નિમણુંક કરશે, તેમના પગાર, ઈજાફા તથા રજાઓ નક્કી કરશે.

૫ સરકારી, અર્ધસરકારી અને સંસ્થાઓ, કચેરી કે વ્યક્તિ સમક્ષ આ ટ્રસ્ટનું પ્રતિનિધિત્વ ધરાવશે.

૬ આ ટ્રસ્ટની આવક માટે પહોંચ આપશે કે અપાવશે અને ખર્ચના વાઉચરો મેળવશે.

૭ આ ટ્રસ્ટની આવક તથા જાવકનો હિસાબ રાખશે રખાવશે.

૮ ટ્રસ્ટી મંડળની મિટિંગમાં ટ્રસ્ટનો હિસાબ રજુ કરશે અને નાણાકિય વર્ષ માટે અંદાજપત્ર રજુ કરી ટ્રસ્ટી મંડળની મંજુરી મેળવશે.

૯ ટ્રસ્ટના હિસાબો ઓડિટ કરાવશે.

૧૦ ટ્રસ્ટી મંડળે કરેલા ઠરાવોની નોંધ રાખશે કે રખાવશે અને આવા ઠરાવોને અમલમાં મુકશે.

૧૧ ટ્રસ્ટની મિલકતની જાળવણી કરશે અને મિલકતની સલામતી માટેના પગલા લેશે.

૯ ટ્રસ્ટી મંડળની સત્તા અને ફરજો :

૧ જે તે પ્રવર્તમાન કાયદા મુજબ ટ્રસ્ટની સ્થાવર મિલકત વેચી શકશે, ગીરો મુકી શકશે, બક્ષીશ આપી શકશે, તેમજ કાયદેસર રીતે ટ્રાન્સફર કરી શકશે.

૨ જે તે કાયદાને આધીન રહીને નાણાનું રોકાણ કરી શકશે.

૩ આ ટ્રસ્ટના હેતુઓ બર લાવવા સદા સક્રિય રહેશે અને કાર્યો ઉપાડશે.

૪ આ ટ્રસ્ટના હિસાબો અંદાજપત્રની ચકાસણી કરી મંજુરી અંગેના નિર્ણયો કરશે.

૫ કોઈ પણ ટ્રસ્ટીએ આ ટ્રસ્ટના કામે પોતાના નાણામાંથી ખર્ચ કરેલ હશે તો તે અંગે ખર્ચની રકમ ટ્રસ્ટ પાસેથી લેવાને તેઓ હક્કદાર રહેશે.

૬ કોઈ પણ ટ્રસ્ટી જરૂર પડે ટ્રસ્ટના કર્મચારી તરીકે પણ ફરજ અદા કરી શકશે.

**૧૦ ટ્રસ્ટી મંડળની મિટિંગ અને કોરમ :**

ટ્રસ્ટીઓને યોગ્ય લાગે ત્યારે ટ્રસ્ટી મંડળની મિટિંગ બોલાવશે. આવી મિટિંગની નોટીસ ટ્રસ્ટીઓને સાત દિવસ અગાઉ આપવામાં આવશે. આ નોટીસમાં મિટિંગનું સ્થળ, સમય, તારીખ અને સૂચિત કાર્યો લખવાના રહેશે. મિટિંગનું કોરમ ટ્રસ્ટીઓની કુલ સંખ્યાના ૨/૩ ભાગના ટ્રસ્ટીઓની હાજરીથી પુરૂ થયેલ ગણાશે. કોરમના અભાવે મુલત્વી રહેલી મિટિંગ તેજ દિવસે એક કલાક બાદ ફરીથી મળી શકશે અને આવી મિટિંગને કોરમનો બાધ રહેશે નહિ.

**૧૧ ટ્રસ્ટની આવકના સાધનો :**

દાન, ભેટ, ફંડ, ફાળો, લોન, વ્યાજ, સહાય, ચેરીટી શો યોજીને વિગેરે રીતે એકત્ર કરવામાં આવશે.

**૧૨ ઠરાવો અને ઠરાવબુક :**

ટ્રસ્ટી મંડળની મિટિંગમાં થયેલ ઠરાવો બહુમતીથી પસાર કરશે અને તેને ઠરાવ બુકમાં લખવામાં આવશે. જેની નીચે મેનેજીંગ ટ્રસ્ટીએ સહી કરવાની રહેશે. અસામાન્ય સંજોગોમાં ઠરાવ સરક્યુલર ફેરવીને પણ કરી શકાશે.

**૧૩ બેન્ક એકાઉન્ટ :**

બેન્કનું ખાતુ મેનેજીંગ ટ્રસ્ટી અને અન્ય બે ટ્રસ્ટીઓની સહીથી ખોલાવશે અને તેની નાણાકિય લેવડ-દેવડ મેનેજીંગ ટ્રસ્ટી અને અન્ય બે ટ્રસ્ટીઓ પૈકી કોઈ એકની સહીથી ઓપરેટ કરવામાં આવશે. તેમાં મેનેજીંગ ટ્રસ્ટીની સહી અનિવાર્ય રહેશે.

**૧૪ હિસાબી વર્ષ :**

આ ટ્રસ્ટનું હિસાબી વર્ષ ૧ લી એપ્રિલ થી ૩૧ મી માર્ચ સુધી ગણવામાં આવશે.

**૧૫ સમિતિઓ :**

જ્યારે જ્યારે જરૂર પડે ત્યારે ત્યારે ટ્રસ્ટી મંડળ આ ટ્રસ્ટના કામે પોતાને મદદરૂપ થવા માટે વ્યવસ્થાપક સમિતિ કે સલાહકાર સમિતિ અને તેના જેવી અન્ય સમિતિઓ નીમી શકશે. આવી સમિતિઓમાં અધ્યક્ષ તરીકે હંમેશા મેનેજીંગ ટ્રસ્ટી જ રહેશે.

૧૬ ફેરફાર :

આ ટ્રસ્ટડીડની કોઇ પણ કલમમાં ફેરફાર સુધારો વધારો કરવાનો પ્રસંગ ઉભો થાય ત્યારે 'બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એક્ટ ૧૯૫૦' ના કાયદાને આધીન રહીને ટ્રસ્ટીઓ સર્વાનુમતે સુધારોવધારો કરી શકશે.

આ દસ્તાવેજના પક્ષકારોએ શુદ્ધ બુદ્ધિથી સારી માનસિક હાલતમાં સમજી વિચારીને નીચે સહી કરેલ છે.

તારીખ : ૧/૯/૨૦૦૨

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | **શ્રી હિમાન્શુ નટવરલાલ બેન્કર**<br>એ-૮, આનંદ ટેનામેન્ટસ્, વેજલપુર, અમદાવાદ. | સામાજિક કાર્યકર | મેનેજીંગ ટ્રસ્ટી | (signature) |
| ૨ | **શ્રી પરેશ કાનજીભાઇ ચૌધરી**<br>મુ. પો. વેડછી, તા. વાલોડ, જિ. સુરત. | એડવોકેટ | ટ્રસ્ટી | (signature) |
| ૩ | **શ્રી વિકેશ ગુલાબભાઇ ચૌહાણ**<br>રોહિત સ્ટ્રીટ, બાવળા. જિ. અમદાવાદ | સામાજિક કાર્યકર | ટ્રસ્ટી | (signature) |
| ૪ | **શ્રી મહેશ રેવાભાઇ પંડ્યા**<br>૩૭/૧૦૫, આનંદ નગર, વેજલપુર, અમદાવાદ. | પર્યાવરણ ઇજનેર | ટ્રસ્ટી | (signature) |
| ૫ | **ફાલ્ગુની વાસુદેવ જોષી**<br>૧૦, ધનંજય સોસાયટી, આનંદવાડી, ઘોડાસર, અમ. | પત્રકાર | ટ્રસ્ટી | (signature) |
| ૬ | **શ્રી ભૂષણ બાલચંદ્ર ઓઝા**<br>ડી-૪૨, તક્ષશીલા એપાર્ટમેન્ટસ્, વસ્ત્રાપુર, અમ. | એડવોકેટ | ટ્રસ્ટી | Bhushan Oza |
| ૭ | **રીઝવાના વિલાયતહુસેન બુખારી**<br>સૈયદવાડા, રોજાની સામે, વટવા, અમદાવાદ. | એડવોકેટ | ટ્રસ્ટી | R.Bukhari |

NOTARIAL NOTARIAL NOTARIAL NOTARIAL

On stamp paper of Rs. 20/-

On the name of VIKALP

BOOK NO.: 71
PAGE NO.: 426
SERIALNO.: 2643
DATE NO.: 6/7/2011

## VIKALP TRUSTDEED

Therefore I undersigned **Shri Himanshu Natvarlal Banker**, an adult, residing at **A/8, Anand Tenaments, Vejalpur, Ahmedabad**, now after will be known as a settler – founding member in this trust deed document. For performing activities for benefit to the society at large, I donate the amount of Rs. 501/- as reserve fund from my absolute property to the public charitable trust called "VIKALP" and hereby declare the trust as a public trust and am declaring the details of the said trust in this trust deed document.

I have donated Rs. 501/- from my absolute property to the said trust with my own pleasure. This donated asset and other movable and immovable property which would be added by time to time will be the part of the property of the said trust. I am declaring this document of trust deed with my personal feeling to be helpful for the development in the field of Education, Health, Social, Economical, Legal and Environmental as well as development in other social fields of Gujarat State and Union of India.

1. **Name of the Trust** : **VIKALP**

   Note: where as in the trust deed documents the word used trust and organization means VIKALP

2. **Working area of the Trust** : Union of India

3. **Office of the Trust** : VIKALP,

   C/o. Himanshu Banker

   A/8, Anand Tenaments,

   Vejalpur, Ahmedabad.

   Other office of the Trust : The Union of India will be the working area of the trust. The trust shall change his office if it needed and can establish other sub offices anywhere in the State of Gujarat and in territory of Union of India.

**4. Aims / objectives of the Trust :**

(1) To organize, conduct and implement events for creating awareness for Social, Economical, Educational, Vocational, Health and Environmental, legal and labor oriented understanding in rural and urban area and get support of experts or organization of said subjects if needed.

(2) To organize and conduct various activities and programs for the weaker and downtrodden sections of society especially for Dalits, adivasis and women and for their social, economical, educational, cultural, vocational, health, employment, and environmental development and empowerment. To establish centre for research, training and study for the same.

(3) To organize and conduct programs for training of all type of education, technical education, vocational education, non-formal education, adult education including pre-primary to university level and cottage industries, entrepreneurship training and if need arises to establish centre or institutions to run this type of programs. To do training, study, research and documentation for the aforesaid programs.

(4) To establish school, technical and vocational training centers, hostels, work-sheds, godown, libraries, reading rooms and social welfare centre for socially weaker and vulnerable groups.

(5) To establish development centers for khadi and village industries, cottage industries, forest products, handlooms, handicrafts, leather industries, home industries and traditional and non-traditional vocations to create source of income and employment opportunities for socially and economically weaker sections of the society.

(6) To conduct programs of health, sanitation and nutrition to provide the health related service in rural and urban area. For the implementation of above said programs necessary trainings would be provided to the doctors, health workers, anganwadi worker and midwife and to do health related studies, research, documentation and its publication would be done to spread awareness.

To get support from and provide assistance to government, semi government and private hospitals, primary and community health centre etc. to establish and conduct family and child welfare centre, health centre, maternity homes etc. under such programs where as need arises.

(7) To conduct programs for the development of agriculture, livestock, forestry etc. and to make attempts for transformation and creativeness through trainings and establish guidance centre, sub-centers and organization for the same.

(8) For development and utilization of non-traditional energy source study, research, training & awareness programs and guidance will be provided.

(9) To undertake various programs for awareness regarding water, land, forest and environmental preservation and to implementation of various ideas of preservation and to do activities of study, research, awareness and documentation of that.

(10) To conduct programs in accordance with law for education, social welfare and communal harmony and to do activity for study, research, awareness, documentation of it.

(11) To run any programs for economically and socially weaker section of society and provide all type of services as well as help for the reforms for community development.

(12) To share knowledge with individuals or organization that thinks about current issues, problems and conduct programs for the same. To provide useful services in manmade or natural disaster, problems.

(13) To fulfill the aims and objectives of the organization make necessary booklets, pamphlets, magazines, film etc. and publish it. To establish, conduct and manage centre and reference library for educational and training material including booklets, magazines, film, video, tap, audio-visuals which were prepared in India and/or abroad.

(14) To start professorship, fellowship, lectureship, scholarship and awards for schools, universities, other educational institutions, voluntary organization etc. and help them.

(15) To provide financial support to the schools that influence formal and non-formal education, colleges, universities and other institutions and provide financial support to the students studying in or other students through necessary scholarship, fellowship, grant for education, research and training in the country or abroad for such duration and with conditions as trustees consider suitable time to time.

(16) To get assistance of an expert or organization for the better planning and implementation of the activities or schemes undertaken by the said trust in accordance with its aim / objectives. In the same way support in study, observation and implementation of new experiments, research, training etc. in the country and abroad will be shared.

To do activities of social security, development and rehabilitation for physically and mentally handicapped persons.

To organize youth development and cultural programs.

(17) To undertake programs and provide training for women and child development regarding their health, education and security. To conduct programs for socio-legal awareness and for that establish guidance centers, legal aid centers, training centers etc.

(18) To obtain and provide support in study, observation and implementation of education, research, trainings etc. for Panchayati Raj and organize programs for that.

(19) To do socio-legal awareness in society for social justice and empowerment. To establish centre for that and obtain and provide support in study, observation and implementation of education, research, trainings regarding that and organize programs for that.

NOTARY B. K. ...THOD AHMEDABAD DISTRICT REGD NO. 110/94 GOVT. OF GUJARAT (INDIA)

(20) To make socio-legal attempts for encouragement, developments and sustainability of human rights. By making a group of individuals and organizations with common objectives campaigns should be initiated and to protect it.

(21) To initiate struggle for the constitutional fundamental rights and human rights of the vulnerable sections of society like Dalit, Adivasi and women and help them to get justice. To do advocacy with various department from various field for the same. To spread legal awareness in people and provide guidance to them.

To conduct various programs on awareness of human rights for activists, worker and staff of organizations of various field of society and provide support to these types of programs.

**5. Number of trustees** :

There will be minimum five and maximum fifteen number of trustee of the said trust. New trustees can be appointed by the majority if trustees feel it proper and necessary. The time limit of such trustees will be of one year.

**6. Regarding vacant post in trustee board**:

Settler of the said trust, trustees from number 1 to 5 will be life time trustee of it. New trustee have time limit of one year. Trust board will take decision to fill the post which became vacant due to the death, resignation of trustee or any other reason.

**7. Regarding property of trust**:

The movable and immovable property will be in possession of the trustees of that time.

**8. Power and duties of the Managing Trustee**:

(1) The Managing Trustee shall call the meeting of trustee board, shall preside over said meetings and conduct the meeting.

(2) Managing Trustee has right of "Casting Vote" at any time when there is equality of votes.

(3) Do monitoring on all activities of the said trust, provide necessary guidance and instructions. Do daily routine work of the said trust.

(4) To appoint employees for the activities of the said trust, decide their salary, increments and leave.

(5) To do representation in front of government, semi-government and institutions, office or individual for the said trust.

(6) To give receipt of income and get vouchers of expenses of the said trust.

(7) Managing Trustee will maintain and/or make accounts (receipt and payment) maintained.

(8) To present the accounts and budget of financial year of the said trust in trustee board meeting and get it sanctioned.

(9) To make audit of the accounts of the said trust.

(10) To note down the resolutions passed by the board of trustees and implement them.

(11) To manage property of the said trust and take care of safety of the property.

**9. Power and duties of Trustee Board:**

(1) According to the prevalent laws the trust board would be able to sell the immovable property, mortgage it, donate it and can be legally transferred it.

(2) Will be able to invest money as per the law.

(3) The trust board will be ever active and would do works to meet the objectives of the said trust.

(4) Will decide the budget and accounts of the said trust after analysis of it.

(5) Any trustee who has spent personal money for the work of the said trust then he/she has right to get back the amount from the trust.

(6) Any trustee can be worked as an employee of the said trust as well if need arises.

**10. Meeting and quorum of trust board:**

The trustees will call for a meeting whenever they feel it is necessary, and this type of meeting will carry notice period of seven days. The notice will have time, date, venue, and agenda of the meeting. The two third of the majority will be quorum of the meeting. The meeting which is cancelled due to lack of quorum can be held again after an hour, and that meeting will not have any restriction of quorum.

**11. Source of income of Trust:**

Fund will be raised by donations, gift, grant, contribution, loan, interest, aid and by organizing charity shows etc.

**12. Resolutions and book of resolution:**

Resolutions made in trust board will be passed by majority and that will be written in book of resolution. Managing Trustee has to sign that. In extra ordinary circumstances resolutions can be passed by circular also.

**13. Bank account** :

Bank account will be opened with signatures of Managing Trustee and other two trustees and financial transaction will be operated by signature of Managing Trustee along with one signature of any of the aforesaid two trustees in which signature of Managing Trustee will be compulsory.

NOTARY B. R. RATHOD AHMEDABAD DISTRICT REGD NO. 110/94 GOVT. OF GUJARAT (INDIA)

**14. Financial Year** :

The accounting year of the said trust will be from 1st April to 31st March.

**15. Committees** :

The trust board will nominate administrative committees and advisory committees or similar kind of committees to get assistance for the trust work; whenever it is needed. The Managing Trustee will be the head of such committees.

**16. Changes** :

The trustee board can make changes in any clause of the said trust deed whenever it requires to change and / or amend by unanimous decision under the law of "Bombay Public Trust Act 1950".

NOTARY B. R. RATHOD AHMEDABAD DISTRICT REGD NO. 110/94 GOVT. OF GUJARAT (INDIA)

IN WITNESS WHEREOF, The Parties hereunto have signed and delivered the presents on the day and year first hereinabove written.

DATE: 01/09/2002

| | | | | |
|---|---|---|---|---|
| 1. | **Shree Himanshu Natvarlal Banker**<br>A/8,Anand Tenements,<br>Vejalpur,Ahmedabad | Social worker | Managing Trustee | sd/-<br>(Himanshu Banker) |
| 2 | **Shree Paresh Kanajibhai Chaudhri**<br>At Post.Vedchhi,Ta.valod,Dist.Surat | Advocate | Trustee | sd/-<br>(Paresh Chaudhary) |
| 3 | **Shree Vikesh Gulabbhai Chauhan**<br>Rohit Street,Bavla,Dist.Ahmedabad | Social worker | Trustee | sd/-<br>(Vikesh Chauhan) |
| 4 | **Shree Mahesh Revabhai Pandya**<br>37/105,Anandnagar,Vejalpur<br>Ahmedabad | Environmental Engineer | Trustee | sd/-<br>(Mahesh Pandya) |
| 5 | **Falguni Vasudev Joshi**<br>10,Dhananjay Society,Anandwadi,<br>Ghodasar,Ahmedabad | Journalist | Trustee | sd/-<br>(Falguni Joshi) |
| 6 | **Shree Bhusan Balchandra Oza**<br>D-42Takshshila Appt,Vastrapur,<br>Ahmedabad | Advocate | Trustee | sd/-<br>(Bhushan Oza) |
| 7 | **Rizwana Vilayat Hussain Bukhari**<br>Saiyadwada,Opp.Roza,Vatva,<br>Ahmedabad | Advocate | Trustee | sd/-<br>(Rizwana Bukhari) |

**Seal of the Dy. Charity Commissioner** **seal and Signature of Superintend**

This is The true and correct Translation of the Orginal documents from Gujarati in to English

B R RATHOD
NOTARY
Ahmedabad District
6/7/2011

NOTARY B. R. RATHOD AHMEDABAD-DIST. REG. NO. 110\94 GOVERNMENT OF GUJARAT

This is a translated copy of original version of ... ment